






પ્રજ્ઞાચક્ષુ બુક સ્કેન કરીને સાંભળી શકે માટે યુનિવર્સિટીની લાયબ્રેરીમાં KIBO ડિવાઈઝ મૂકાયા

# બુક સ્કેન થતા જ ઓડિયો થઈ બહાર આવશે

## એક જ પેજ 5 સેકન્ડમાં ઓડિયોમાં કન્વર્ટ થાય છે

ગુજરાત યુનિવર્સિટીની લાયબ્રેરીમાં પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ ઈસ્યુ કરેલી બુક્સને હવે સાંભળી શકાશે. કેમ કે, અહીં કિબો (નોલેજ ઈન બોક્સ) નામના બે 'ટેક્સ ટુ ઓડિયો' સ્કેનિંગ ડિવાઈઝ મૂકાયા છે. જેનું ઈનોગ્રેશન યુનિવર્સિટીના વીસી હિમાંશુ પંડ્યાના હાથે કરવામાં આવ્યું હતું. ડિવાઈઝ પર બુક મૂકતા જ તેના એક પેજની ટેક્સ સ્કેન થઈને 5 સેકન્ડમાં ઓડિયો સ્વરૂપે બહાર આવે છે. જેથી બ્લાઈન્ડ વિદ્યાર્થીઓ બ્રેઈલ લિપી વિના જ આ ડિવાઈઝની મદદથી સરળતાથી સ્ટડી કરી શકશે. આ સિવાય અન્ય રીડર્સ પણ ઓડિયો સ્વરૂપે આસાનીથી સાંભળી શકશે. આ મશીન નિરમા યુનિવર્સિટીના ભૂતપૂર્વ સ્ટુડન્ટે તેના 4 ફ્રેન્ડ્સ સાથે મળીને બનાવ્યું છે. જેના બે ડિવાઈઝ ગુજરાત યુનિવર્સિટીની લાયબ્રેરીમાં મૂકાયા છે.

### આઈટીનો માણસ ટ્રેનિંગ આપશે

યોગેશ પારેખ, ગ્રંથપાલ, ગુજરાત યુનિવર્સિટી

ગુજરાતની સ્ટેટ અને પ્રાઈવેટ યુનિવર્સિટીમાં આ ડિવાઇઝ પ્રથમવાર મૂકવામાં આવ્યું છે. બીજા 5 મશીન પણ મૂકવામાં આવશે. બ્લાઈન્ડ વિદ્યાર્થીઓને તકલીફ ના પડે તે માટે આઈટીનો માણસ હેલ્પ માટે બેસશે. સાથે જ તે ટ્રેનિંગ પણ આપશે.

### પ્રજ્ઞાચક્ષુની ભૂલ જોઈ વિચાર આવ્યો

બોની દવે, નિરમા, પૂર્વ સ્ટુડન્ટ

મેં મારા અન્ય 4 ફ્રેન્ડસ સાથે મળીને ટ્રેસલ લેબ્સ સ્ટાર્ટઅપ શરૂ કર્યું. એક વર્ષની દિકરીને પેટમાં દુખાવો થયો અને અંધ પિતા કે જેમને ઘરે પડેલી ટેબલેટ દિકરીને આપી તો આ પેઈન વધી ગયું. જેનું કારણ દવા એક્સપાયર્ડ થઈ ગઈ હતી જે પછી આ આઈડિયા આવ્યો.

સ્કેનર ડેસ્ક પર રીટર્ન ડોક્યુમેન્ટ્સ મૂકતા, કમાન્ડ આપતાની સાથે જ 5 સેકન્ડમાં ઓડિયોમાં કન્વર્ટ થઈ સંભળાય છે. બુક્સ સ્કેન કરીને સેવ કરી શકાય છે. સેવ ફાઈલ તમે તમારા મોબાઈલમાં લોગ ઈન કરીને કિબો એક્સેસ એપમાં ક્યારેય પણ સાંભળી શકો છો.

**100 લૅંગ્વેજમાં ટ્રાન્સલેટ થાય છે ઓડિયો**

આ મશીનમાં હિન્દિ, ગુજરાતી, અંગ્રેજી, મરાઠી, તમિલ, તેલુગુ, સહિતની દસ લૅંગ્વેજના ડોક્યુમેન્ટ સ્કેન કરીને ઓડિયો સ્વરૂપે સાંભળી શકાય છે. આ સાથે સાથે દેશ અને વિદેશની 100 એવી લૅંગ્વેજ છે કે જેમાં આ 10 લૅંગ્વેજથી કરેલ સ્કેનિંગ ભાષાંતર ઓડિયો સ્વરૂપે થાય છે.

મોકલનાર :
પંકજકુમાર એમ. બાવિશી (મંત્રી)
ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ
૫-મનીષ સોસાયટી,
સુંદરનગર પાસે, અંકુર રોડ,
નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.
મો. : ૬૩૫૧૪૦૫૭૨૭

બુક-પોસ્ટ - પ્રિન્ટેડ મેટર



॥ संघात् सखायते सन्धि॥

ISSN : 0970 - 5244

# ગ્રંથાલોક

તંત્રી : શ્રી પંકજભાઈ બાવિશી

વર્ષ : ૪૦ અંક - ૬ ગુજરાત ગ્રંથાલય સેવા સંઘનું ત્રિમાસિક સંપર્ક પત્ર એપ્રિલ થી જૂન - ૨૦૧૯

## ગુજરાતના ગ્રંથાલય જગતના પાયાના પહેરેદારો



## સ્વર્ગસ્થ પરંતુ હૃદયસ્થ મોતીભાઈ અમીન

ખૂબજ અગત્યનું ☞ ગુજરાત ગ્રંથાલય સેવા સંઘની નવી વેબ સાઈડ અને ઈ.મેલ

☞ Websie : www.gujaratgranthalayasevasangh.in

☞ Email : gujaratgranthalayasevasangh@gmail.com

વધુ માહિતી માટે ☞ હિમાંશુભાઈ પાંધીનો સંપર્ક કરવો મો. ૯૪૨૭૨૦૭૫૬૫

પ્રકાશક : મંત્રી, પંકજ બાવિશી, ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ
૫ - મનીષ સોસાયટી, સુંદરનગર પાસે, અંકુર રોડ, નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩. (ગુજરાત)
(મોબાઈલ - ૬૩૫૧૪૦૫૭૨૭)

ફોન : કિરીટભાઈ કે. ભાવસાર (પ્રમુખ) : ૯૫૧૨૯૧૮૫૫૬
રમણલાલ એલ. પટેલ (ઉપપ્રમુખ) : ૯૩૭૫૧ ૭૧૬૧૭
કિરીટભાઈ બી. ગંધકવાલા (ખજાનચી) : ૯૮૭૯૯ ૫૩૯૬૬

## ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ આયોજીત

રાજા રામમોહન રૉય લાઈબ્રેરી ફાઉન્ડેશન - કોલકતા અને ગ્રંથાલય ખાતુ ગાંધીનગરના સહયોગથી ગુજરાત ગ્રંથાલય સેવા સંઘનો ૬ઠ્ઠો રાષ્ટ્રીય અને ૩૬મો રાજ્ય કક્ષાનો

## ગ્રંથાલય પરિસંવાદ

——: આયોજક :——

ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ, ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય તથા ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ (ગુ.યુનિ.), અમદાવાદ

**પરિસંવાદ સ્થળ**

સેનેટ હૉલ - ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ

| | |
|---|---|
| ડૉ. યોગેશ પારેખ | ડૉ. ગીતાબેન ગઢવી |
| મો. ૯૯૭૮૪૦૮૦૦૫ | મો. ૯૮૨૫૭૮૫૦૦૮ |

**આ અંકના મધ્યભાગમાં મુકવામાં આવેલ ફોર્મ તથા ફી સાથે લેખો મોકલવાની છેલ્લી તારીખ : ૩૦મી ઓક્ટોબર, ૨૦૧૯**

**લેખકને લેખ સ્વીકારાયાની કે ફેરફાર અંગેની જાણ તારીખ : ૧૫મી નવેમ્બર, ૨૦૧૯ પહેલાં કરાશે.**

યોગ્ય રકમ સાથે પરિસંવાદમાં આવવાની જાણ કરતું ફોર્મ ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના ખજાનચીને મોકલવાની છેલ્લી તારીખ : ૩૦ નવેમ્બર, ૨૦૧૯


## Gujarat Granthalaya Seva Sangh

C/o. Pankaj M. Bavishi
5, Manish Society, Nr. Sundarnagar,
Ankur Road, Naranpura, Ahmedabad-380 013.
(M) 6351405727 Email : gujaratgranthalayasevasangh@gmail.com
Websie : www.gujaratgranthalayasevasangh.in
Public Trust Registration No. E-3172 dt. 20-12-1977

# ગ્રંથાલય સેવા સંઘના પ્રિય મિત્રો

ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ, ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય તથા ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ (ગુ.યુનિ.) અમદાવાદ આયોજિત ગુજરાત ગ્રંથાલય સેવા સંઘનો ૬૬મો રાષ્ટ્રીય અને ૩૬મો રાજ્યકક્ષાનો ગ્રંથાલય પરિસંવાદ અમદાવાદ મુકામે ગુજરાત યુનિવર્સિટી સેનેટ હૉલમાં રાજા રામમોહન રાય લાઈબ્રેરી ફાઉન્ડેશન-કોલકત્તા અને ગ્રંથાલય ખાતુ ,ગાંધીનગરના સહયોગથી તા. ૨૩, ૨૪ અને ૨૫ જાન્યુઆરી ૨૦૨૦, ગુરુવાર, શુક્રવાર અને શનિવારના દિવસોએ યોજવાનું નકકી કરવામાં આવ્યું છે.

(ક) પરિસંવાદના સ્થળે આવવા અંગેની માહિતી :

ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના આ ગ્રંથાલય પરિસંવાદના ઉત્તમ આયોજન માટે આપ સૌના હાર્દિક સહકારની અપેક્ષા છે. કોઈપણ પ્રતિનિધિને તકલીફ ન પડે તે માટેની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

અમદાવાદ વિષે ગ્રંથપાલ મિત્રોને માહિતી આપવી એ દિવો લઈને પ્રકાશ શોધવા જેવી વાત કહેવાય. ગ્રંથાપાલ એટલે 'ઈન્ફર્મેશન ઑફિસર' માટે તેની પાસે સર્વ જાણકારી હોય જ. તેમ છતાં અત્રે માહિતી આપવી ઉચિત ગણાશે.

અમદાવાદના ઉદ્‌ગમકાળના આશા ભીલથી રાજા કર્ણદેવ અને ત્યાર પછી તેના મધ્યાહ્નના પ્રવર્તક અહમદશાહ સુધીના અને ત્યારબાદ મરાઠાકાલીન તેમજ ગાંધીકાલીન ગુજરાતમાં અમદાવાદ. કિલ્લેબધ્ધ અમદાવાદથી કિલ્લામુકત મહા-અમદાવાદ સુધીના વિકાસગાથા અદ્‌ભૂત અને અદ્વિતીય છે, અમદાવાદ ગુજરાતનું સાંસ્કૃતિક અને આર્થિક પાટનગર રહ્યું છે. 'જબ કુત્તે પર સસ્સા આયા' ત્યારથી એ સૌના ધ્યાનનું કેન્દ્ર બની રહ્યું છે. એક સમયનું ભારતનું માનચેસ્ટર ગણાતું અમદાવાદ ક્રમશ : બૌદ્ધિક અને કલાકીય થાણું પણ બનતું ગયું આથી અહીં વિવિધ હુન્નરો, કલાકારીગરીઓ, સામાજિક અને વિદ્યાકીય સંસ્થાઓ, રાજકીય વિચારધારાના ધામાઓ અહીં પાંગરવાં લાગ્યાં આથી અમદાવાદના સ્થાપનાકાળની ઓળખ અદ્યતનકાળમાં આવતાં આમૂલ પરિવર્તન પામી. મુઘલો, મરાઠાઓ, અંગ્રેજો અહીં શાસન કરી ગયાનો તેમની યાદ વિધેયાત્મક રીતે પણ મૂકતા ગયા. રાજકીય પલટાઓ સાથે આ નગરે અનેક ચડઊતર જોઈ, પણ એક વાત સુનિશ્ચિત છે કે સૌ શાસનકાળમાં તેના શાસકોએ અમદાવાદને કંઈકને કંઈક યાદગાર પ્રદાન કર્યું છે. કલાકારીગરીયુક્ત સ્થાપત્યો, બાગબગીચા, દસ્તાવેજી પુરાવારૂપ ઈમારતો, વેપાર-ઉદ્યોગો, સંગ્રહાલયો, પુસ્તકાલયો, ચિકિત્સાલયો, બાવલાઓ- આ બધું આ નગરની ગૌરવગાથા જેવું છે.

આપણાં પૈકીના ઘણાબધા ગ્રંથપાલો અમદાવાદના હસ્તપ્રત ભંડારો અને પુસ્તકાલયોથી અજાણ છે. અમદાવાદમાં ૧૮ જેટલા હસ્તપ્રત ભંડારો અસ્તિત્વ ધરાવે છે. અમદાવાદમાં સંગ્રહાયેલી હસ્તપ્રતોની કુલ સંખ્યા ૧,૯૬,૦૩૦ જેટલી છે. જુદી જુદી સંસ્થાના વહીવટ સાથે સંકળાયેલા મહત્ત્વના પાંચ હસ્તપ્રત ભંડારો છે. જેમાં લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં ૬૫,૫૩૨ હસ્તપ્રતો, ભો.જે અધ્યયન સંશોધન વિદ્યાભવનમાં ૯,૩૫૬ હસ્તપ્રતો, ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયમાં ૬૯૧ હસ્તપ્રતો,

હજરત પીર મોહંમદ શાહ દરગાહ પુસ્તકાલયમાં ૨૦૦૦ હસ્તપ્રતો અને મહાવીર જૈન આરાધના કેન્દ્ર કોબામાં ૫૦,૦૦૦ થી પણ વધારે હસ્તપ્રતો વ્યવસ્થિત રીતે સંગ્રહીત કરવામાં આવેલી છે. આ સિવાય અમદાવાદમાં ૧૨ જેટલા નાનામોટા જૈન હસ્તપ્રત ભંડારો છે. જેમાં સંગ્રહીત હસ્તપ્રતોની સંખ્યા ૬૮,૪૫૧ જેટલી છે. આ બધી હસ્તપ્રતોના એક સામાન્ય સર્વેક્ષણ ઉપરથી એમ કહી શકાય કે અમદાવાદની બ્રાહ્મણ સંસ્કૃતિ, જૈન સંસ્કૃતિ અને મુસ્લિમ સંસ્કૃતિએ મૂલ્યવાન સાહિત્યિક સમૃદ્ધિ આપી છે.

આ પ્રાચીન નગરમાં હસ્તપ્રત ભંડારોના સ્વરૂપમાં પુસ્તકાલય પ્રવૃત્તિ પાંગરેલી હતી. અર્વાચીન પુસ્તકાલય પ્રવૃત્તિ ક્ષેત્રે આ નગરનું પ્રદાન અદ્વિતીય બની રહ્યું છે. ૧૯મી સદીના છેલ્લા દાયકામાં ગણ્યાંગાંઠ્યા પુસ્તકાલયો અસ્તિત્વમાં આવ્યાં હતાં જેમાં 'નૅટિવ લાઈબ્રેરી' વિશેષ ઉલ્લેખનીય છે. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી સંચાલિત 'નૅટિવ લાઈબ્રેરી' બંધ કરવી પડે તેવી સ્થિતિ સર્જાતા કવીશ્વર દલપતરામે જાહેરસભા બોલાવી ને લાઈબ્રેરીના મકાન માટે ટીપ કરી તેમાં નગરશેઠ શ્રી હિમાભાઈ વખતચંદે રૂ. ૩૦૦૦-૦૦ આપ્યા. કલેકટરે તે વખતની ભદ્રની ઈંગ્લિશ સ્કુલ પાસેની મોખરાની જમીન આપી. ૨૪મી ડિસેમ્બર ૧૮૮૫ના રોજ મુંબઈના ગવર્નર લૉર્ડ એલ્ફિસ્ટનના હસ્તે લાઈબ્રેરીના મકાનનું ખાતમુહૂર્ત કરાવ્યું, આગળ જતાં નૅટિવ લાઈબ્રેરીમાંથી તે 'હિમાભાઈ ઈન્સ્ટિટ્યૂટ' બની. આ ગ્રંથાલયમાં આશરે ૧૩૦૦૦થી વધારે પુસ્તકોનો સંગ્રહ છે. હિમાભાઈ ઈન્સ્ટિટ્યૂટનું ઐતિહાસિક મકાન ભદ્ર તાર ઑફિસ સામે આવેલું છે. રાજશ્રી ચંપકરાય દુર્લભરાયની સહાયથી ૧૮૭૬માં પુસ્તકશાળા (લાઈબ્રેરી) બેચરદાસના સ્મર્ણાર્થે દિલ્હી ચકલામાં સ્થપાઈ જે પાછળથી બેચરદાસના પૌત્ર લક્ષ્મીપ્રસાદના નામે જાણીતી થઈ જે 'લક્ષ્મીપ્રસાદ લશ્કરી લાઈબ્રેરી' કહેવાઈ. ભોળાનાથ  સારાભાઈ તરફથી રૂ. ૧૦,૦૦૦નું દાન મળતાં રાયપુર દરવાજા બહાર 'આપારાવ ભોળાનાથ પુસ્તકાલય સને ૧૮૭૦માં અસ્તિત્વમાં આવ્યું. હઝરત પીર મહમદશાહ અવર્ણનીય યાદશક્તિ ધરાવતા એક પ્રખર વિદ્વાન હતા. ૧૭૫૦માં તેઓ જન્નતનશીન થતાં તેમના કબરના સ્થળે એમના શિષ્યો દ્વારા એમનું સાહિત્ય અને હસ્તપ્રતો એકઠાં કરવામાં આવ્યાં. ફળસ્વરૂપે આ સંગ્રહ 'હઝરત પીર મોહંમદશાહ કુતુબખાના' ગ્રંથાલયમાં પરિવર્તન પામ્યો અને વિકસતો રહ્યો. સને ૧૯૧૨માં આને ગ્રંથાલય તરીકે માન્યતા મળી.

ગુજરાત વિદ્યાપીઠની સ્થાપનાની સાથે સને ૧૯૨૦માં ગુજરાત પુરાતત્વ મંદિરની સ્થાપના કરવામાં આવી. શેઠશ્રી પૂંજાભાઈ હીરાચંદની ઉદાર સખાવતથી 'શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન ભંડાર' નામથી ગ્રંથાલય શરૂ કરવામાં આવ્યું. સન્ ૧૯૨૯ના રોજ ગુજરાત વિદ્યાપીઠનું પુસ્તકાલય અને 'શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન ભંડાર'ના ગ્રંથસંગ્રહનું એકીકરણ કરીને 'ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય' નામ આપવામાં આવ્યું. સને ૧૯૪૭માં મુંબઈ સરકારે ગુજરાતી પુસ્તકોના કૉપીરાઈટ સંગ્રહ ગુજરાત વિદ્યાપીઠને સોંપ્યો, ત્યારથી આ ગ્રંથાલય પ્રાદેશિક કૉપિરાઈટ તરીકે કામ કરે છે. ઐતિહાસીક દાંડિકૂચની પ્રારંભે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ તેમના સત્યાગ્રહ આશ્રમના પુસ્તકો થકી સાર્વજનિક પુસ્તકાલયની સ્થાપનાનો વિચાર પ્રદર્શિત કર્યો જે ૨૭મી જુલાઈ ૧૯૩૩ના રોજ ફ્રીપ્રેસ જર્નલમાં પ્રગટ થતાં બીજા જ દિવસે શેઠ રસિકલાલ માણેકલાલ તરફથી રૂ. ૫૫,૦૦૦ની સખાવત ગ્રંથાલય ભવનના નિર્માણ માટે મળતાં તેઓશ્રીના

પિતાની સ્મૃતિમાં 'શેઠ માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલય' અસ્તિત્વમાં આવ્યું, અને ૧૯૪૯-૫૦માં 'ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય' અસ્તિત્વમાં આવ્યું. સને ૧૯૭૬માં બ્રિટિશ લાઈબ્રેરી શરૂ કરવામાં આવી. સને ૨૦૦૭માં વાસણા ખાતે કોર્પોરેશન દ્વારા રૂપિયા ૬૦ લાખના ખર્ચે તૈયાર થયેલી 'ગચ્છાધિપતિ આચાર્ય સુબોધસાગરસૂરીસ્વરજી મહારાજ લાઈબ્રેરી ખુલ્લી મુકાઈ હતી, આ ઉપરાંત અટીરા, પી.આર.એલ., એન.આઈ.ડી, ઈસરો, સી.ઈ.આર.સી. ગુજરાતી સાહિત્ય પરિષદ સાબરમતી આશ્રમ જેવી સંસ્થાઓના ૨૯ જેટલા પુસ્તકાલયો છે. ઈન્ફિલ્બનેટ, એડીનેટ અને નિકટાસ જેવી સંસ્થાઓના પુસ્તકાલયો પણ છે.

'ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય' અમદાવાદ રેલ્વે સ્ટેશનથી ૧૪ કિલોમીટર અને એસ.ટી. બસ સ્ટેન્ડથી ૧૨ કિલોમીટરના અંતરે આવેલું છે. આ બન્ને જગ્યાએથી બસ, બીઆરટીએસ, રીક્ષા વગેરે સાધનો દ્વારા યુનિવર્સિટી પહોંચી શકાય છે.

આપણે સૌ આપણા વ્યવસાયમાં નિપુણતા મેળવતા રહીએ એટલે કે, નવા જમાનામાં નવી ટૅક્નૉલૉજીથી અપડેટ થઈ આપણાં ગ્રથાલયોમાં તેનો અમલ કરી આપણા ગ્રંથાલયોનો ઉપયોગ કરવા આપણા જિજ્ઞાસુઓની અપેક્ષા પૂર્ણ કરી  શકીએ તો આપણા સૌનું વ્યવસાયિક જીવન સાર્થક થયું કહેવાય. આ સેમિનારમાં હાજરી આપી કશુંક તો લઈને જવાનું છે. પેલી કહેવત પ્રમાણે ''પોદળો ઉપડે તો થોડીક ધૂળ લઈને જ ઉપડે'' તો ચાલો ઐતિહાસિક પ્રાચીન નગરીમાં યુનિવર્સિટી કેમ્પસમાં નૈસર્ગિક વાતાવરણ અનુભવતા-માણતા સેમિનારમાં હાજરી આપી ઓતપ્રેત થઈ જઈએ.

(ખ) પરિસંવાદના વિષયો :

ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ દ્વારા આયોજિત આગામી પરિસંવાદના વિષય પસંદગી માટે તજજ્ઞોની બેઠકમાં સાંપ્રત સમયને ધ્યાનમાં રાખી સઘન ચર્ચા-વિચારણાને અંતે મુખ્ય વિષય તરીકે નીચે દર્શાવેલ વિષયોની પસંદગી કરવામાં આવી છે. આજના ૨૧મી સદીના સંદર્ભમાં ગ્રંથાલય વ્યવસાયિકો પાસે કૌશલ્યો અને પડકારો ઝીલવાની ક્ષમતાઓ કેટલી છે તે ચકાસવાનો સમય પાકી ગયો છે. એ હેતુથી પરિસંવાદના મુખ્ય વિષય (**Main theme**) તરીકે ''૨૧મી સદીના ગ્રંથાલય વ્યાવસાયિકો માટે કૌશલ્ય અને ક્ષમતાઓ **(Skills and competences for the 21st century Library Professionals)'** પસંદ કરવામાં આવ્યો છે. સદરહુ વિષય નીચે મુજબના ચાર પેટા વિભાગોમાં વિભાજિત કરેલ છે.

(૧) શૈક્ષણિક ગ્રંથાલયો : કૌશલ્ય અને ક્ષમતાઓ

**Academic Libraries : skills and Competences**

૧.૧ વહીવટી અને સંચાલકીય /**Administrative and Managerial**

૧.૨ ટૅક્નિકલ પ્રક્રિયા /**Technical process**

૧.૩ ટૅક્નૉલૉજીકલ /**Technological**

(૨) સાર્વજનિક ગ્રંથાલયો : કૌશલ્ય અને ક્ષમતાઓ

**Public Libraries : skills and Competences**

૨.૧ વહીવટી અને સંચાલકીય /**Administrative and Managerial**

૨.૨ ટૅક્નિકલ પ્રક્રિયા /**Technical process**

૨.૩ ટૅક્નૉલૉજીકલ /**Technological**

(૩) સંશોધન ગ્રંથાલયો : કૌશલ્ય અને ક્ષમતાઓ

**Research Libraries : skills and Competences**

૩.૧ વહીવટી અને સંચાલકીય /**Administrative and Managerial**

૩.૨ ટૅક્નિકલ પ્રક્રિયા /**Technical process**

૩.૩ ટૅક્નૉલૉજીકલ /**Technological**

(૪) ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન શિક્ષણ દ્વારા કૌશલ્ય વિકાસ

**Skill development through LIS education**

ઉપરોક્ત ચાર વિષયોમાંથી પસંદગી કરીને કોઈ એક વિષય ઉપર પોતાનો લેખ રજૂ કરવાનો રહેશે. પસંદ કરેલા વિષયમાં પણ વિષય વ્યાપ અત્યંત વિશાળ હોવાથી આપની પસંદગીના એકાદ મહત્વના મુદ્દા પર પણ અભ્યાસપૂર્ણ લેખ તૈયાર કરી શકાય. શૈક્ષણિક ગ્રંથાલયોમાં યુનિવર્સિટી ગ્રંથાલય, કૉલેજ ગ્રંથાલય અને શાળા ગ્રંથાલય પૈકી કોઈ એક ગ્રંથાલયના ગ્રંથાલય વ્યવસાયિકો માટે કૌશલ્યો અને ક્ષમતાઓ પર વિશદ્ લેખ તૈયાર કરી શકાય.

આમ મૂળ થીમને કેન્દ્રમાં રાખી દરેક પેટા મુદ્દા વિષયક આધારભૂત માહિતી સાથેના સ્વતંત્ર લેખો તૈયાર કરી તા. ૩૦ મી ઓક્ટોબર, ૨૦૧૯ સુધીમાં મોકલી આપવા ખાસ વિનંતી છે. (અનુસંધાન ૮મા પાને)

## એક નમ્ર અપીલ

ગ્રંથપાલ મિત્રો, આપ જાણો છો તેમ ગુજરાતના ગ્રંથાલય જગતના તજજ્ઞ શિરોમણી સ્વ. પ્રવીણભાઈ સી. શાહ (પી.સી.શાહ)ના દુઃખદ અવસાન બાદ 'ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ' દ્વારા ''ગ્રંથાલોક વિહાર'' નામે તેમના લેખોને આવરી એક ૪૫૦ થી ૫૦૦ પાનાનો દળદાર ગ્રંથ બહાર પાડવામાં આવેલ છે. જેનું આમુખ પદ્મશ્રી કુમાળપાળ દેસાઈ દ્વારા લખવામાં આવેલ છે. આ ગ્રંથની કિંમત રૂ. ૧,૦૦૦ રાખવામાં આવી છે. પરંતુ ગ્રંથાલય માટે તથા વ્યક્તિગત સ્વરૂપે તે ફક્ત રૂ. ૩૫૦ માં આપી આપને પહોંચતી કરવામાં આવશે. શું દરેક ગ્રંથપાલ મિત્રને આટલા રૂ. માં આ ગ્રંથ ખરીદવાનો પણ અધિકાર તેની સંસ્થા દ્વારા નથી આપવામાં આવ્યો ? એક અથવા વધારે ગ્રંથ ખરીદી આપ સ્વ. પી.સી. શાહ સાહેબને શ્રધ્ધાંજલિ અર્પણ કરશો તેવી વિનંતી છે.

(ગ) લેખો તૈયાર કરવા અને ગ્રંથાલય પરિસંવાદમાં રજિસ્ટર કરવા અંગે લેખકો માટે જરૂરી માહિતી :

(૧) નક્કી કરેલા વિષયોમાંથી કોઈ પણ વિષય/વિષયો ઉપર, આપેલ સૂચના પ્રમાણે લેખ/લેખો તૈયાર કરીને ત્રણ નકલમાં, સારસંક્ષેપ તથા સીડી સાથે નક્કી કરેલી ફીની રકમ એટપાર ચેક/ડીડીથી તથા લેખકો માટેનું ફોર્મ ભરીને તારીખ ૩૦મી ઑક્ટોબર, ૨૦૧૯ પહેલા ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના ઉપપ્રમુખને મોકલી આપશો. તે પછી આવેલા લેખો સ્વીકારાશે નહીં, લેખ/લેખો ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી ભાષામાં લખી શકાશે.

(૨) લેખની અંદર વ્યવહારમાં ઉપયોગી થાય તેવા સૂચનોની ચર્ચા કરવી.

(૩) લેખ એ-૪ સાઈઝમાં ડબલ સ્પેસમાં ટાઈપ કરેલો હોવો જરૂરી છે. હાથે લખેલા લેખ કે ફુલસ્કેપ સાઈઝના કાગળમાં ટાઈપ કરેલા લેખો સ્વીકારાશે નહીં.

(૪) લેખને, વાળીને મોકલવો નહીં. એ-૪ સાઈઝનો પેપર આવે તેવા કવરમાં લેખને મોકલવો. સીડી તૂટી ન જાય તે રીતે સીડી સુરક્ષિત કવરમાં મોકલવી.

(૫) લેખ વધુમાં વધુ ૩૦૦૦ (ત્રણ હજાર) શબ્દોમાં તૈયાર કરવો. એથી ઓછું લખાણ હશે તો તે ચાલશે. લેખમાં સામાન્ય અને બિનજરૂરી માહિતી જણાવવાની જરૂર નથી.

(૬-એ) ટાઈપીંગ અંગે ખાસ સૂચના : લેખ એ-૪ સાઈઝના કાગળમાં ઉપર નીચે એક-એક ઈંચનો અને ડાબી બાજુએ બે ઈંચનો અને જમણી બાજુએ એક ઈંચનો હાંસિયો રાખીને ડબલ સ્પેસમાં ટાઈપ કરાવવો. ફોન્ટ સાઈઝ : ટાઈટલ માટે ૧૪ અને અંદરની મેટર માટે ૧૨ની સાઈઝના ફોન્ટનો ઉપયોગ કરવો.

(૬-બી) લેખ જો ગુજરાતીમાં હોય તો કમ્પ્યુટર પર ટાઈપ કરાવી તેના ફોન્ટ લેખની સીડી સાથે મોકલવા. લેખ બને ત્યાં સુધી શ્રુતિમાં મોકલવા ખાસ વિનંતી.

(૭) લેખકે/લેખકોએ પોતાના લેખનો સાર સંક્ષેપ તથા તેમના નામ, સંસ્થાનું નામ, ઘરનું સરનામું, મોબાઈલ નં., ઈ-મેઈલ તથા જન્મ તારીખ વગેરે ફક્ત પ્રથમ પેજ ઉપર લખવું. અન્ય પેજ ઉપર તેમનું/ના નામ ન લખવું/વા. તથા માત્ર ફક્ત શીર્ષક જ લખવા વિનંતી છે. સાર ૨૦૦ શબ્દોની મર્યાદામાં લખવો.

(૮) યોગ્ય ગુણવત્તા યુક્ત લેખો તૈયાર થાય અને પ્રસિદ્ધ થાય તે માટે લેખ લખવા માટે ઉપયોગમાં લીધેલ સાહિત્ય સામગ્રીના સંદર્ભોની પૂર્ણ વિગતો આપવી અને લેખમાં તેનો જ્યાં ઉપયોગ કર્યો હોય ત્યાં અનુક્રમ નંબર આપીને ઉલ્લેખ કરવો અત્યંત જરૂરી છે. એકલા સંદર્ભોની યાદી આપવી નહીં, તેનો કોઈ જ અર્થ રહેતો નથી. લેખ લખવા માટે બીજાના લખાણમાંથી સંદર્ભ આપ્યા સિવાય, ઉતારા કરવા નહીં આની જાણ થશે તો લેખકનું નામ તથા સરનામું હવેથી જાહેર કરવામાં આવશે. સાહિત્ય ચોરી ના કરશો. મૌલિક લખાણ લખવા પ્રયત્ન કરશો.

(૯) સામાન્ય સભામાં નક્કી કર્યા મુજબ લેખ સાથે દરેક લેખક દીઠ રૂપિયા ૫૦૦/- મોકલવાના રહેશે. પરિસંવાદમાં લેખ રજૂ થયે રૂપિયા ૩૦૦/ (અંકે રૂપિયા ત્રણસો) પરત કરવામાં આવશે. લેખ રજૂ કરતી વખતે લેખના સર્વ લેખકોએ પરિસંવાદમાં રજિસ્ટ્રેશન કરાવવું તથા હાજર રહેવું ફરજિયાત છે. ગેરહાજર રહેનાર લેખક/કોને કોઈ પણ રકમ પરત મળશે નહીં કે પ્રમાણપત્ર પણ મળશે નહીં.

(૧૦) વિદ્યાર્થીઓ, નિવૃત્ત ગ્રંથપાલો,સરકારી અનુદાન લેતા સાર્વજનિક ગ્રંથાલયોના ગ્રંથપાલોએ લખેલા લેખો સાથે કોઈ પણ રકમ મોકલવાની નથી પરંતુ નિવૃત્તો સિવાયના લેખક/કોએ જે તે સંસ્થાનું પ્રમાણપત્ર લાવવું જરૂરી છે. અન્ય લેખકોએ રૂા. ૫૦૦/- લેખક દીઠ મોકલવાના છે.

(૧૧) જેઓ પરિસંવાદ સમયે લેખ લખીને લાવશે તેઓએ રૂપિયા ૨૦૦/- લેખક દીઠ ભરવાના રહેશે. આ રકમ પરત મળશે નહીં. લેખ યોગ્ય લાગશે તો જ તે રજૂ કરવાની મંજૂરી આપવામાં આવશે.

(૧૨) ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના બી. લિબ અને એમ. લિબના વિદ્યાર્થીઓને વિનંતી કે તેઓ તેમના લેખો માટે તેમના અધ્યાપકો કે ડીપાર્ટમેન્ટના વડાનું માર્ગદર્શન મેળવે અને સંસ્થાના વડા દ્વારા ફોર્વર્ડિંગલેટર સાથે જ લેખ વગેરે મોકલે. વિદ્યાર્થીઓએ પણ લેખની ત્રણ નકલો, સારસંક્ષેપ અને સી.ડી. અત્રે ઉપર આપેલી સૂચનાઓ પ્રમાણે મોકલવાની રહેશે.

(ઘ) લેખ પુરસ્કાર :

ગુજરાત ગ્રંથાલય સેવા સંઘે નક્કી કર્યા મુજબ તારીખ ૩૦મી ઑક્ટોબર, ૨૦૧૯ સુધીમાં આવેલા લેખોમાંથી નીચે જણાવેલા પ્રકારમાંથી ઉત્તમ લેખોને પ્રમાણપત્ર અને પુરસ્કાર આપવામાં આવશે. આ માટે લેખકે/લેખકોએ પરિસંવાદમાં લેખ રજૂ કરવો જરૂરી છે.

(૧) ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના બી.લિબ અને એમ.લિબના વિદ્યાર્થીઓ દ્વારા લખાયેલા લેખોમાંથી પસંદ કરેલા એક ઉત્તમ લેખને.

(૨) ગ્રંથાલયમાં કે ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનનું શિક્ષણ આપતા ૪૦ વર્ષથી નીચેના ગ્રંથપાલો કે શિક્ષકો દ્વારા લખાયેલા લેખોમાંથી પસંદ કરેલા એક ઉત્તમ લેખને.

(૩) ગ્રંથાલયમાં કે ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનનું શિક્ષણ આપતા ૪૦ વર્ષથી ઉપરના ગ્રંથપાલો કે શિક્ષકો દ્વારા લખાયેલા લેખોમાંથી પસંદ કરેલા એક ઉત્તમ લેખને.

(૪) નિવૃત્ત ગ્રંથપાલો કે ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના નિવૃત શિક્ષકો દ્વારા લખાયેલા લેખોના દરેક લેખકને જો તે લેખ રજૂ કરશે તો તેઓ સર્વને યોગ્ય રીતે પુરસ્કૃત કરવામાં આવશે.

લેખકની ઉપરોક્ત ચાર કક્ષાઓમાંથી કક્ષા નક્કી કરવા માટે લેખક/લેખકોની જન્મ તારીખ લખવી અતિ આવશ્યક છે. વધુમાં માત્ર વિદ્યાર્થીઓએ વિદ્યાર્થી શબ્દ લખવો.

ખાસ નોંધ : લેખના પ્રકાશન માટે કે ફેરફાર અંગેનો કે ફક્ત સારસંક્ષેપ જ છાપવા અંગેનો સંપાદન સમિતિનો નિર્ણય આખરી ગણાશે.

## પરિસંવાદ માટેની અગત્યની તારીખો

લેખ મોકલવા માટેની છેલ્લી તારીખ : ૩૦-૧૦-૨૦૧૯

લેખ સ્વિકૃતિની જાણ : તા. ૧૫-૧૧-૨૦૧૯

પરિસંવાદમાં આવવા માટે નોંધણી કરાવવાની છેલ્લી તારીખ : ૩૦-૧૧-૨૦૧૯

## અપીલ

ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ દ્વારા પ્રકાશિત ''ગ્રંથાલોક''ના અંક સંપૂર્ણ કાળજીપૂર્વક દરેક આજીવન અને વાર્ષિક સભાસદોને મોકલવામાં આવે છે. કેટલાક ગ્રંથપાલ મિત્રોની ફરિયાદ આવે છે કે, અમોને અંક મળેલ નથી. તો પોતાના વિસ્તારમાં આવેલ પોસ્ટ ઑફિસમાં લેખિત ફરિયાદ આપે. આપણે તો મોકલી આપીએ છીએ પરંતુ ગમે તે કારણે કોઈક સભ્યોને અંક મળતા નથી. આથી અપીલ કરવામાં આવે છે કે, જે કોઈ ગ્રંથપાલ મિત્રને અંક મળે ત્યાર બાદ તે ગ્રંથપાલ મિત્ર તેમના સંપર્કમાં હોય તેવા ગ્રંથપાલ મિત્રોને સંઘની પ્રવૃત્તિની જાણ કરે. આભાર...

**પ્રતિનિધિએ આ ફોર્મ તા. ૩૦-૧૧-૨૦૧૯**
**પહેલા સંપૂર્ણ વિગતો ભરીને ડીડી/એટ પાર ચેક સાથે મોકલવા વિનંતી**
**ગુજરાત ગ્રંથાલય સેવા સંઘનો ૬ઠ્ઠો રાષ્ટ્રીય અને ૩૬મો ગ્રંથાલય પરિસંવાદ, અમદાવાદ**
**તા. ૨૩,૨૪ અને ૨૫, જાન્યુઆરી, ૨૦૨૦, ગુરૂવાર, શુક્રવાર શનિવાર**

પ્રતિ,
**શ્રી પંકજ બાવિશી**
**મંત્રી, ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ**
૫, મનીષ સોસાયટી, સુંદરનગર પાસે,
અંકુર રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

**આ ફોર્મની ઝેરોક્ષ કરી તે ભરીને મોકલવવું.**

**ભાઈશ્રી,**
હું ૬ઠ્ઠો રાષ્ટ્રીય અને ૩૬મા ગ્રંથાલય પરિસંવાદમાં અમદાવાદ મુકામે હાજરી આપીશ. મારી વિગત નીચે મુજબ છે.

(૧) પ્રતિનિધિનું નામ : (અટક પહેલા લખવી)

______________________________

(૨) પૂરું સરનામું : ______________________________

______________________________

______________________________પીન ______________

ફોન નં. STD Code સાથે (રહે.) ______________ (મો.) ______________

(૩) હોદ્દો ______________

(૪) સંસ્થાનું નામ અને સરનામું : ______________________________

______________________________

ફોન નં. સાથે (ઓ.)

(૫) ઈ-મેઈલ આઈડી ______________________________

(૬) લાગુ પડે ત્યાં યોગ્ય ટીક માર્ક કરો :

- હું સાર્વજનિક ગ્રંથાલય સરકારી અનુદાન મેળવતા ગ્રંથાલયમાં કામ કરું છું. ☐
- હું વિદ્યાર્થી છું. ☐ • હું નિવૃત્ત છું. ☐ • હું અધ્યાપક છું. ☐
- હું સંઘનો આજીવન સભ્ય નથી તેથી સંઘની વાર્ષિક સભ્ય ફી રૂા. ૧૫૦/- અથવા આજીવન સભ્ય ફી રૂા. ૧૫૦૦/- પ્રતિનિધિ ફી ની રકમ સાથે ઉમેરીને કુલ રકમ મોકલાવેલ છે.

આ સાથે ડીડી/એટ પાર ચેકથી રૂા. ______________ મોકલ્યા છે. વિગતો ડીડી/ચેક પાછળ લખી છે.

સ્થળ : લી.

તારીખ : / /૨૦૧૯ (સામે જુઓ)

(૧) આપનો ચેક (એટપારનો) અથવા ડી.ડી. આ ફોર્મ સાથે નીચેના સરનામે મોકલવો.
(૨) કો-ઓપરેટિવ બૅંકનો ચેક મોકલવો નહીં.
(૩) બૅંક બેલેન્સ સિવાયનો ચેક પણ મોકલવો નહીં.

ગંધકવાલા કિરીટકુમાર બચુભાઈ (ખજાનચી)
૫, પ્રણામ એપાર્ટમેન્ટ, મોઢ ચાંપાનેર સોસાયટી,
પોસ્ટ ઑફીસ પાછળ, ઉસ્માનપુરા, આશ્રમ રોડ,
અમદાવાદ - ૩૮૦ ૦૧૩.

આ ફોર્મની ઝેરોક્ષ કરી તે ભરીને મોકલવવું.

ભાઈશ્રી,

મેં નીચે મુજબનો ડીડી/એટ પાર બૅંકનો ચેક નં. ______________

તા. __________ / __________ બૅંક ______________

ગામ ______________ શાખા ______________

રૂપિયા ______________ નો બીડ્યો છે. ચેક પાછળ મારું નામ, સ્થળ અને મોબાઈલ નંબર લખ્યો છે.

| | |
|---|---|
| ભોજન, રહેઠાણ અને ડેલીગેટ ફી વગેરેના | રૂ.૧૦૦૦ |
| માત્ર ભોજન અને ડેલીગેટ ફી ના | રૂ. ૮૦૦ |
| સંઘની સભ્ય ફીના (વાર્ષિક/આજીવન)૨૦૦ અથવા ૧૫૦૦ | રૂ. __________ |
| કુલ ચેકની/ડીડીની રકમ | રૂ. __________ |

સ્થળ :

તારીખ : / /૨૦૧૯ લી.

## ગુજરાત ગ્રંથાલય સેવા સંઘનો ૬ઠ્ઠો રાષ્ટ્રીય અને ૩૬મો ગ્રંથાલય પરિસંવાદ, અમદાવાદ

**ગ્રંથપાલ મિત્રોને 'બુક ઓફ પેપર્સ'માં જાહેરખબર મેળવી આપવા નમ્ર વિનંતી છે.**

**જાહેરખબરના દર નીચે મુજબ છે.**

**સાઇઝ : ૨૪ સે.મી. ૧૭ સે.મી. : આખું પાનું**
**સાઇઝ : ૧૨ સે.મી. ૧૭ સે.મી. : અડધું પાનું**

- **ચોથું ટાઇટલ પેઇજ મલ્ટી કલરમાં રૂા. ૧૦,૦૦૦/-**
- **બીજું અને ત્રીજું ટાઇટલ પેઇજ મલ્ટી કલરમાં રૂા. ૫,૦૦૦/-**
- **મલ્ટી કલરમાં ખાસ પેઇજ : રૂા. ૫,૦૦૦/-**
- **સામાન્ય પૃષ્ઠ ઉપર : એક પેઇજના રૂા. ૧૫૦૦/-**
- **સામાન્ય પૃષ્ઠ ઉપર : અડધા પેઇજના રૂા. ૧,૦૦૦/-**

દરેક ગ્રંથપાલને વિનંતી નાની-મોટી એક જાહેરાત મોકલશો.

**ચેક તથા જાહેરાતનું મેટર "ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ, અમદાવાદ"ને મોકલવા વિનંતી છે.**

## ગુજરાત ગ્રંથાલય સેવા સંઘનો ૬ઠ્ઠો રાષ્ટ્રીય અને ૩૫મો ગ્રંથાલય પરિસંવાદ, અમદાવાદ

તા. ૨૩,૨૪ અને ૨૫, જાન્યુઆરી, ૨૦૨૦

લેખકો દ્વારા લેખ સાથે ઝેરોક્ષ નકલમાં ભરીને

ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ, અમદાવાદના ઉપપ્રમુખને નીચેના સરનામે મોકલવાનું ફોર્મ

છેલ્લી તારીખ ૩૦મી ઑક્ટોબર ૨૦૧૯

### Author's Declaration Form

૧. લેખકનું નામ, સરનામું, મોબાઈલ નંબર અને ઈ-મેઈલ (અટક પહેલા લખવી)

નામ : ______________________

સરનામું : ______________________

______________________

______________________ પીનકોડ : __________

ઈ-મેઈલ : ______________________ મો. : __________

૨. લેખકની જન્મ તારીખ : __________

૩. લેખનું શીર્ષક ______________________

૪. લેખ તથા તે રજૂ કરવા માટેની કુલ ફી (દરેક લેખકના રૂા. ૫૦૦ પ્રમાણે) નીચેની વિગતે મોકલેલ છે.

૫. નાણાં ચૂકવણીની વિગતો : (બૅંક, ચેક નં., રકમ, તારીખ વગેરે)

બૅંકનું નામ ______________________ બ્રાંચ __________

ચેક નં. ______________ તારીખ __________ ૨૦૧૯

રકમ __________ અંકે રૂા. ______________________

૬. લેખની ત્રણ નકલો, સાર સંક્ષેપ તથા CD આ સાથે સામેલ કરી છે.

૭. વિદ્યાર્થીએ આ ફોર્મ પોતાના સંસ્થાના વડા દ્વારા મોકલવું જરૂરી છે.

૮. હું/અમો આથી જાહેર કરું છું / કરીએ છીએ કે મારો / અમારો લેખ લખવા માટે લેખકનો ઉલ્લેખ કર્યો કે રેફરન્સ આપ્યા વગર મેં / અમોએ ક્યાંયથી પણ સાહિત્ય ચોરી કરી નથી અને આ લેખ બીજે પ્રસિદ્ધ થયેલો નથી તથા પ્રસિદ્ધ કરવા મોકલ્યો નથી. લેખ માટે હું / અમો સંપૂર્ણ જવાબદાર છું/છીએ. મને/ અમને ખબર છે કે આવું કરવાથી અમારી સામે કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે.

તારીખ :       /       /૨૦૧૯                                        લેખકની સહી

નોંધ : લેખ એક કરતા વધારે લેખકો દ્વારા લખાયેલ હોય તો આ ફોર્મની ઝેરોક્ષ કઢાવવી. દરેક લેખકે અલગ-અલગ ફોર્મ ભરવાનું છે.

ઉ.પ્ર.નું સરનામું : રમણલાલ એલ. પટેલ, ૧-એ, એસ.બી.આઈ.સ્ટાફ સોસાયટી, શ્રીજી પેલેસ પાસે, પલિયડનગર - નવરંગ સ્કૂલ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩. મો. ૯૩૭૫૧ ૭૧૬૧૭

(ચ) ભોજન, રહેઠાણ વગેરેની ફી અંગે :

રાજા રામમોહન રૉય લાઈબ્રેરી ફાઉન્ડેશન કોલકત્તા, ગ્રંથાલય ખાતુ, ગ્રંથાલય રાજ્ય તથા ગુજરાત ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય તરફથી આર્થિક અનુદાન આવવાની અપેક્ષાએ ભોજન અને ઉતારા ફી વગેરેમાં યોગ્ય સબસીડી આપ્યા બાદ આ ગ્રંથાલય પરિસંવાદમાં આવવા ઈચ્છતા દરેક પ્રતિનિધિએ પરિસંવાદ દરમ્યાન ચા-નાસ્તો, ભોજન રહેઠાણ અને ડેલીગેટફીની ભેગી રકમ રૂપિયા ૧૦૦૦/- (અંકે એક રૂપિયા હજાર પુરા) મોકલવાની રહેશે. માત્ર રહેઠાણ (ઉતારા)ની વ્યવસ્થા જોઈતી ન હોય તેવા પ્રતિનિધિઓએ રૂા. ૮૦૦/- (અંકે રૂપિયા આઠસો પુરા મોકલવાના રહેશે.) **આ અંકમાં આપેલ ફોર્મની ઝેરોક્ષ કાઢી યોગ્ય માહિતી ભરીને એટપારના ચેકથી અથવા ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ, અમદાવાદના નામના ડીમાન્ડ ડ્રાફટથી સંઘના ખજાનચીને તા. ૩૦-૧૧-૨૦૧૯ સુધીમાં મોકલવાની રહેશે. નાણાં મની ઓર્ડરથી કે કોઈ પણ સહકારી બૅંકના ચેકથી મોકલવા નહીં. તેમજ બૅંક બેલેન્સ સિવાયના ચેક પણ મોકલવા નહીં.**

દરેક નોંધાયેલા પ્રતિનિધિને બુક ઑફ પેપર્સ, કીટ, પેડ, બોલપેન, દરરોજ સવારનો ચા-નાસ્તો, બપોરનું ભોજન, સાંજે ચા તથા સાંજના ભોજન માટેની કુપન બુક, મર્યાદિત સંખ્યામાં રહેવાની વ્યવસ્થા વગેરે પૂરા પાડવામાં આવશે.

વિદ્યાર્થીઓએ રૂા. ૫૦૦/-, નિવૃત્ત ગ્રંથપાલો તથા ગુજરાત રાજ્ય ગ્રંથાલય ખાતા તરફથી અનુદાન મેળવતા સાર્વજનિક ગ્રંથાલયના પ્રમુખ, મંત્રી, ગ્રંથપાલે રૂપિયા ૮૦૦/- મોકલવાના રહેશે.

જે કોઈ પ્રતિનિધિ આજીવન સભ્ય ન હોય તો તેઓએ રૂપિયા ૧૫૦/- વાર્ષિક સભ્ય ફી અથવા આજીવન સભ્ય ફી રૂા. ૧૫૦૦/- ઉમેરીને રકમ મોકલવી. દરેક પ્રતિનિધિએ સંઘના સભ્ય થવું ફરજિયાત છે. આ ફી ડેલીગેટ ફીની સાથે મોકલવી ફરજિયાત છે. એટપાર ચેક/ડીડીની પાછળ પ્રતિનિધિએ પોતાનું નામ, સ્થળ અને મોબાઈલ નંબર લખવો ફરજિયાત છે. આપણને સારો એવો પગાર મળે છે માટે દર વર્ષે યાદ કરી વાર્ષિક ફી ભરવી તેના બદલે એક વખત આજીવન ફી રૂા. ૧૫૦૦/- ભરી દેવા અપીલ છે. તેનાથી વહિવટમાં પણ સરળતા રહેશે.

→ **સ્પોટ રજિસ્ટ્રેશન કરવામાં આવશે નહીં, પરંતુ અનિવાર્ય સંજોગોમાં અપવાદરૂપ કિસ્સામાં સ્પોટ રજિસ્ટ્રેશન કરાવનારને રૂપિયા ૩૦૦/- (ત્રણસો) વધારાના આપવાના રહેશે. (સ્પોટ રજિસ્ટ્રેશન કરાવનારને રહેઠાણની વ્યવસ્થા ખાલી હશેતો અપાશે)**


ઉતારા અંગે ખાસ નોંધ :

રહેઠાણમાં આશરે ૫૦ વ્યક્તિની જ રહેવાની વ્યવસ્થા થઈ શકશે. ઉપરોક્ત વ્યવસ્થા વહેલા તે પહેલાના ધોરણે આપવામાં આવશે. આથી રજિસ્ટ્રેશન તુરંત કરાવવું અત્યંત જરૂરી છે.

★ રૂમમાં પલંગ / ગાદલાની વ્યવસ્થા કરવામાં આવશે.

★ ભાઈઓ અને બહેનો માટે અલગ વ્યવસ્થા કરવામાં આવશે.

## ગ્રંથદર્શન




ગુજરાતના ગ્રંથાલય જગતનાગૌરવ શિખર, ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના કર્ણધાર શ્રી પ્રવીણભાઈ શાહની સ્મૃતિમાં ગુજરાતી ગ્રંથાલય સેવા સંઘ દ્વારા સદર ગ્રંથની ભેટ આપવામાં આવી છે. એક ગ્રંથાલયવિદ્‌ને ગ્રંથથી વધુ ભાવાજંલી કઈ આપી શકાય ? અહીં મેં જાણી જોઈને પ્રવીણભાઈના નામની આગળ સ્વ. લખવાનું ટાળ્યું છે. કારણ પ્રવીણભાઈ માત્ર દેહપીંડ નહોતા કે દેહના વિલય સાથે તેમનો વિલય થાય. તેઓ તો ગુજરાતના ગ્રંથપપાલોના હૃદયમાં, ગુજરાત ગ્રંથાલય સંઘની પ્રવૃત્તિઓ, અટોરાની વિકાસગાથામાં, ગ્રંથાલય ધારાના સંઘર્ષમા, ગ્રંથાલયની નૂતન ટૅક્નૉલૉજીના નિર્માણમાં, ગ્રંથાલોક, DLIBCOMm TAXINCON VITAMINS, ADINET અને CUCOLISના વાચકોની ગ્રંથપ્રીતિમાં, પીએચ.ડી.ના સંશોધનમાં પ્રત્યક્ષ-પરોક્ષ માર્ગદર્શન મેળવી ધન્યતા અનુભવતા સંશોધકોના માનસ પટલમાં, તેમના કર્મયોગથી વિશેષ લાભાન્વિત થયેલ સંસ્થાઓ - ‘‘ગુજરાતી વિશ્વકોશ ટ્રસ્ટ’’ physical research laboratory, ADINET, INFLIBNET - ની ચેતનામાં... શાહ સાહેબ ધબકી રહ્યા છે. આથી તેઓ શાશ્વત છે.

તેમના આ ગ્રંથાલયપ્રેમનો પડઘો સદર ગ્રંથમાં જોવા મળે છે. ગ્રંથનો ઉઘાડ પદ્મશ્રી ડૉ.કુમારપાળ દેસાઈના ઉપોદ્‌ઘાતથી કરવામાં આવ્યો છે. ગ્રંથ કુલ ૪ વિભાગોમાં વર્ગીકૃત છે. વિભાગ-૧ : પ્રવીણ શાહની વાઙ્મય ઉપાસના (પ્રવીણશાહ કૃત લેખો) જેને પુનઃ ગ્રંથાલયની વિભાવના અને સાર્વજનિક ગ્રંથાલયો, વાચન પ્રવૃત્તિ અને સાહિત્યની પસંદગી, શૈક્ષણિક ગ્રંથાલયો, માર્કેટિંગ, નિકટાસ અને નિસ્સાર, ગ્રંથપાલોની ભૂમિકા ભારતીય રાષ્ટ્રીય વાઙ્મયસૂચિ, ચરિત્રાલેખન ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ. **Entrepeneur-ship, Intellectual Propery Rights, Information Services, NICATS, Information Marketing, User Education, LIS Management and Resource Sharing, Academic Libraries Libraries In Gujarat, Library Legislation** પેટા વિભાગોમાં વર્ગીકૃત કરવામાં આવેલ છે. ઉપરોક્ત વિષયમાં કુલ ૪૯ લેખોનો સમાવેશ થાય છે. શાહ સાહેબે કેટકેટલા વિષયોમાં ખેડાણ કર્યું છે અને આ ખેડાણના અંતે જે પામ્યા તેને પીરસ્યું છે. અહીં માત્ર માહિતીલક્ષી લેખો જ નથી. પરંતુ સંબધીત વિષયક્ષેત્રના પ્રશ્નો, પડકારોજ સાથે તેમણે તેનું સમાધાનપણ આપ્યુ છે. આથી તે માત્ર સૈધ્ધાંતિક ન બની રહેતા વ્યવહારુ બને છે. દા.ત. ‘‘**Opportunities and Challenges For Library and information Science (LIS) Professionals and Redefining LIS Education and Training in India**’’ (**Article No. 1.32 page 166**)માં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનમાં રહેલી ઉજ્જવળ તકોની સાથે ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન શિક્ષણના પ્રશ્નો-પડકારો રહેલા છે. આ અંગે તેમણે ૧૮ જેટલા ઉપાયો જણાવ્યા છે. આજે ગ્રંથપાલોની ભરતી પ્રક્રિયા બાબતે સરકારની ઉદાસીનતા, સેલ્ફ

ફાયનાન્સ કૉલેજોમાં અપાતો નામનો પગાર અને તેમાં ઘણી બધી કૉલેજોમાં પ્રર્વતતી અનિયમિતતા, ગ્રંથાલયના કામો ના બદલે કરાવવામાં આવતા વહીવટીય કામો, આવા બધા અનેક કારણોસર ગુજરાતની યુનિવર્સિટીઓમાં પ્રાયઃ અનુસ્નાતક ભવનોમાં સીટો ખાલી રહે છે. આ પ્રશ્નોની સામે ગ્રંથપાલ, સરકાર પક્ષે શું સમાધાન મેળવી શકાય તે તેનો દિશા-નિર્દેશ સદર ગ્રંથમાંથી મેળવી શકાય છે. આવા અનેક વિષયક્ષેત્રના લેખોને વાચા આપી છે. જે આપણને સૌને ભોમિયાની ગરજ સારે છે. પ્રત્યેક લેખમાં તેમનું નિજ અનુભવ વિશ્વના દર્શન થાય છે.

વિભાગ-૨ : પ્રવીણ શાહ વાઙ્મયસૂચિ છે. ગુજરાતની ગ્રંથાલય ચળવળના નિયામક સંચાલક હોવા છતાંય કર્મયોગની સાથે જ્ઞાનયોગની તેમની ઉપાસના અવિરત રહી છે. તેના દર્શન આપણને તેમની વાઙ્મયસૂચિમાં થાય છે.

વિભાગ - ૩ : સ્મૃતિ સંવેદનાઓમાં ગુજરાતના અગ્રણી ગ્રંથાલયવિદ્દોએ તેમની સાથેના સંભારણાને સસ્નેહ અને લાગણીની પરાકાષ્ટાએ અશ્રુભીની આંખે વાગોળ્યા છે. કુલ ૩૬ ગ્રંથાલયવિદ્દો દ્વારા તેમના વિરાટ વ્યક્તિત્વને અક્ષરદેહ આપવાનો વિનમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે. જેમાં કિરીટ ભાવસાર, રમણલાલ પટેલ, પંકજભાઈ બાવિશી, કનુભાઈ શાહ, મણિભાઈ પ્રજાપતિ, પ્રોફેસર કરસીદપ્પા, એસ.બી.બેનર્જી વગેરે દ્વારા શાહ સાહેબના જીવન-કવનનો પરિચય કરાવવામાં આવ્યો છે. કેટકેટલા સંસ્મરણો, સંભારણા છે. જે માનવીય સંવેદનાસભર વ્યક્તિત્વના દર્શન કરાવે છે. જ્ઞાનયોગમાં અભિમાન એ બહુ મોટું અવરોધક પરિબળ છે. પરંતુ વૃક્ષને ફળ આવે તેમ તે વધુ નમે. તે ઉકિતને ચરિતાર્થ કરી છે. સૌના માર્ગદર્શક, પ્રણેતા, રોલ મોડલ બની રહ્યા છે. કેટકેટલા વિશેષણોથી તેમને ગ્રંથપાલ મિત્રોએ નવાજ્યા છે જેમ કે આર્ષદૃષ્ટાનું આચરણ, આદર્શ ગુરૂ, ગ્રંથાલય જગતના પ્રહરી, સો ટચનું સોનું, સદ્‌ગુણ સંહિતા, ગુજરાતના ડૉ.રંગનાથન, સંઘગુરૂ, ધ્રુવતારો વગેરે..


વિભાગ - ૪ : શોક સંદેશાઓ છે. ગુજરાતના ખૂણે ખૂણેથી ગ્રંથપાલોએ શોકસંદેશાઓ મોકલ્યા છે. પદ્મશ્રી કુમાળપાળ દેસાઈ, અમિત શાહ (ધારાસભ્ય, નારણપુર, અમદાવાદ), વિવિધ ગ્રંથાલય મંડળો, ગ્રંથપાલો વગેરેએ ભાવાંજલી અર્પી છે.

શોક સંદેશાઓ વાંચતા હૃદય ભરાઈ જાય છે. આંખો અશ્રુભીની બને છે. ''ગુજરાતના ગ્રંથાલય જગતનો મોભ '' તૂટી પડ્યો છે. પૃથ્વી પરથી જ્યારે જ્ઞાનયોગી અને કર્મયોગી વિદાય લે છે ત્યારે બહુ મોટી ખોટ વર્તાય છે. એક વિશાળ વટવૃક્ષની છત્રછાયામાં આપણે પાંગર્યા છીએ. પરંતુ હવે શાહ સાહેબની આ ગ્રંથાલયક્ષેત્રની અખંડ સાધનની ધૂણીને ધખતી રાખવાનું આપણા સૌનું કર્તવ્ય છે. આપણે આપણા ગ્રંથાલયીત્વને દીપાવીએ અને સમગ્ર રાષ્ટ્રમાં ગુજરાતની ગ્રંથાલય પ્રવૃત્તિને રોલ મોડલ બનાવવા સંકલ્પબધ્ધ થઈએ એ જ વાસ્તવમાં શાહ સાહેબને આપેલી શ્રધ્ધાંજલી છે. ગુજરાતના ગ્રંથાલય જગતના કર્ણધારને હૃદયપૂર્વકના વંદન

**ડૉ. કનકબાળા જાની**
**કા. યુનિવર્સિટી લાઈબ્રેરિયન**

**નોંધ :-** 'ગ્રંથાલોક'ના વર્ષ-૪૦, અંક-૫, જાન્યુઆરી થી માર્ચ - ૨૦૧૯ના અંકમા સ્વ.પી.સી.શાહ પરના ગ્રંથ 'ગ્રંથાલોકવિહાર'ની સમીક્ષા આપવામાં આવેલ. આ સમીક્ષા નરસિંહભાઈ એમ. ચૌહાણ દ્વારા કરવામાં આવેલ છે. સંસ્થા તેમનો તથા ઉપર જણાવેલ સમીક્ષા માટે ડૉ.કનકબાળા જાનીનો આભાર માને છે.

## 'એ પુસ્તક પરદેશ નહીં જાય !'-જાણો અને જાગો




મે ૨૦૧૯ના બીજા અઠવાડિયામાં બ્રિટનની સરકારે ૧૯૬૦માં પ્રકાશિત એક પુસ્તકની એક વિશિષ્ટ નકલને લીલામ વેળા વેચાઈને પરદેશ જતી અટકાવી છે. સરકારનું કહેવું છે કે અમારા દેશના વૈચારિક અને સાંસ્કૃતિક ઈતિહાસના એક સીમાસ્તંભ સાથે એ જોડાયેલ નકલ છે. એ છે ડી.એચ. લૉરેન્સની નવલકથા, 'લેડી ચૅટરલીઝ લવર'ની નકલ, જે અદાલતમાં પેશ થઈ હતી. અદાલતમાં એટલા માટે કે એના પર અશ્લીલતાનો આરોપ હતો !

વાત ૧૯૬૦ની છે, જ્યારે પેન્ગ્વીન બૂક્સે લૉરેન્સની આ નવલકથા પ્રગટ કરી હતી અને તરત જ એના પર અશ્લીલતાનો મુકદમો મંડાયો હતો. નવલકથા એક રજવાડી ખાનદાનની ગૃહિણી અને એ ખાનદાનની ઘોડારના રખેવાળ વચ્ચેના જાતીય સંબંધોની હતી. વિષય નવો ન ગણાય. ભારતમાં તો દોઢેક હજાર વર્ષ અગાઉ રાજા ભર્તૃહરિએ સ્વયં પોતાની રાણીના પોતાના અશ્વપાલ સાથેના આડા સંબંધોની કવિતા કરી હતી, પરંતુ બ્રિટીશ જનતાએ શ્લીલ-અશ્લીલના એટલા બધા ચોખલિયા ખ્યાલ વિકસાવ્યા હતા કે 'લેડી ચૅટરલીઝ લવર' કેટલાકને અશ્લીલ અને સમાજની નીતિમત્તા માટે ખતરનાક લાગી હતી. સ્વાભાવિક જ, મુકદ્દમા દરમિયાન આ નવલકથાની એક નકલ પેશ થઈ તી. એ નવલ વકીલોએ વાંચી હશે. ન્યાયાધીશે વાંચી હતી કે નહીં, એની ખબર નથી, પરંતુ મુકદ્દમાની સુનાવણી થતાં ત્રણ જ કલાકમાં ન્યાયાધીશે ચુકાદો આપી દીધો હતો. આ નવલકથા પર પ્રતિબંધ નહીં મુકાય. એ સમાજમાં હયાત સંબંધોનું જ વાસ્તવિક નિરૂપણ કરે છે, માટે એને અસામાજિક ગણી નહીં શકાય ! વાસ્તવમાં, આપણા દેશમાં સ્વીકાર્ય વાણીસ્વતંત્ર્યનો આથી ભંગ થતો નથી.

હવે, આટલે વર્ષે 'લેડી ચૅટરલીઝ લવર'ની આ નકલ વહેતી-વહેતી લીલામકાર સોધબી પાસે આવી. એમણે ગયા ઑક્ટોબરમાં (૨૦૧૮) એનું ૫૬,૨૫૦ પાઉન્ડ (આશરે ૪૫ લાખ રૂપિયા)માં વેચાણ કર્યું. પરંતુ વાત સરકારના ધ્યાનમાં આવતાં, એ વેચાણ અટકાવવામાં આવ્યું છે. હા, અગર દેશની અંદર કોઈ ખરીદનાર નીકળે તો એને આ નકલ વેચી શકાશે.

બ્રિટનના કલા-પ્રધાને આ ઘટનાને દેશના સાંસ્કૃતિક ઈતિહાસની સીમા-સ્તંભરૂપ ઘટના ગણાવી છે.

## પુસ્તકાલયોને નાણાં ફાળવો



તાજેતરમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું બજેટ રજૂ થયું. એમાં કોર્પોરેશનના વિવિધ વિભાગો અને કામગીરીઓનાં અલગ-અલગ બજેટ પણ રજૂ થયાં, પસાર થયાં. એમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તક જૂના (ગાંધીજીનાં પુસ્તકો સાચવવા માટે રચાયેલા) મા.જે. પુસ્તકાલયનું બજેટ પણ જાહેર થયું. અખબારોમાં પ્રકાશિત વિગતો મુજબ એનો આંકડો તો કરોડોનો હતો, પરંતુ નવાં પુસ્તકોની ખરીદી માટેની ફાળવણી અલ્પ હતી. અતિ અલ્પ હતી.

આ જાણીને અમદાવાદના એક જાગ્રત નાગરિક હિંમત શાહે છેક ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને જ પત્ર પાઠવ્યો કે લાઈબ્રેરીનું વહીવટી ખર્ચનું બજેટ જે હોય તે, પરંતુ નવાં પુસ્તકોની ખરીદી માટે કમસે કમ ૩૦ લાખ રૂપિયા ફાળવવા જોઈએ. હિંમતભાઈએ આ પત્ર મુખ્યમંત્રીને લખ્યો. આનંદની વાત છે કે મુખ્યમંત્રીશ્રીએ પત્ર શહેરી વિકાસ વગેરેના મંત્રાલય ભણી રવાના કર્યો તથા નિયમાનુસાર કાર્યવાહી કરવા સૂચવ્યું.

જો ઘણાં નાગરિકો આ પ્રમાણે જાગૃતિ રાખીને રજૂઆતો કરે તો સાહિત્યને જરૂર કિંચિત્ લાભ થાય.

સાભાર - નવચેનત

# ગુજરાત પુસ્તકાલયના જન્મોત્સવની વડોદરામાં ઉજવણી

**બાળ તથા મહિલા પુસ્તકાલયો ખુલ્લાં મુકાયા ★ સભાસદ સંસ્થાઓને બોનસ શેર આપ્યા**

માણસને અને પુસ્તકને આજે એટલું છેટું પડી ગયું છે કે, ભેગા કરવાનું અઘરું થઈ ગયું છે. પણ એ પુસ્તકાલય પ્રવૃત્તિ દ્વારા જ શક્ય છે એમ વડોદરામાં ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ. આયોજિત કાર્યક્રમમાં અકાદમીના પૂર્વ અધ્યક્ષ ભાગ્યેશ જહાએ જણાવ્યું હતું.

સંસ્થાના મહિલા-બાળ પુસ્તકાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે તેમણે વધુમાં જણાવ્યું હતું કે આજે વોટસઅપના યુગમાં પત્રો લખવાનું ભૂલાઈ ગયું છે. મોબાઈલ વ્યસનમાં ડૂબતી જતી નવી પેઢીને કોઈ રીતે બદલવી એ વિચારવા જેવો પ્રશ્ન છે. તેમણે ભાષા અભિમાન કેળવવાની વાત કરતાં જણાવ્યું કે, ગુજરાતીના ભોગે અંગ્રેજી વિકસતી હોય તો તે ખોટું છે. જયશ્રી કૃષ્ણ બોલનાર યુવાનને ખબર નથી કે શ્રીકૃષ્ણ શું છે. માતૃભાષાનો ત્યાગ કરવામાં ભારતીયો પોતાની જાતને ગૌરવ માને છે. પુસ્તકાલયો ખૂણો પાળતા હોય તેવી સ્થિતિ છે. આધુનિક ટૅક્નૉલૉજીનો ઉપયોગ સંયમપૂર્વક કરવાનું તેમજ માહિતી નહીં પણ જ્ઞાનની ઉપાસના કરવા તેમણે જણાવ્યું હતું.

ગુજરાત પુસ્તકાલયના ૯૫ વર્ષની ઉજવણી તથા અન્ય કાર્યક્રમોના આયોજન પ્રસંગે મહિલા-બાળ પુસ્તકાલય ને ખૂલ્લાં મૂકતાં મેયર ડૉ. જિગીષાબેન શેઠે જણાવ્યું હતું કે, આ પણ મહિલા સશક્તિકરણનો એક ભાગ છે. મહિલાઓ વધુ વાંચતી થશે તો વધુ સારા સંસ્કાર બાળકમાં રેડી શકશે, તેમણે કહ્યું કે, આધુનિક વિકાસતા યુગમાં આજે પણ વાંચન ભૂખ યથાવત રહી છે. આજે પણ છાપાં વંચાય છે. તેમણે ઉમેર્યું કે, બાળકને જન્મદિને ભેટમાં પુસ્તકો આપવાં જોઈએ.

કાર્યક્રમના અધ્યક્ષ ડૉ. પ્રતાપરાય પંડ્યા એ જણાવ્યું કે, પુસ્તકાલય પ્રવૃત્તિના બીજ મોતીભાઈ અમીન અને સયાજીરાવ ગાયકવાડે રોપેલાં છે. એ આજ વિકસિત થયા છે. એનાં ફળ આપણે મેળવી રહ્યાં છીએ ત્યારે વડોદરા શહેરના દરેક ખુણે પુસ્તક પહોંચે, દરેક વોર્ડવાર પુસ્તકાલયો શરૂ થાય એ માટે આ સંસ્થાએ કાર્ય કરવું પડશે. સ્વ. અંબુભાઈ પટેલે આ સંસ્થા ટકાવી રાખી છે, એ વધુ વિસ્તરે એવા પ્રયત્નો કરવા તેમણે અપીલ કરી હતી.

આ પ્રસંગે ડૉ. પ્રતાપભાઈ પંડ્યાનો ૮૧મો જન્મોત્સવ કેક કાપીને ભારે ભાવપૂર્વક વાતાવરણમાં ઉજવવામાં આવ્યો હતો. તેઓ પુસ્તક પરબ પ્રવૃત્તિના પ્રણેતા છે.

કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત પૂર્વ ગ્રંથાલય નિયામક કૌશિકભાઈ શાહે પુસ્તકાલય પ્રવૃતિના વ્યાપ વિષે વિગતે માહિતી આપી સંસ્થાના સ્થાપક સ્વ. મોતીભાઈ અમીન ને યાદ કરતાં શુભેચ્છા આપી હતી. કાર્યક્રમના અતિથિવિશેષ તરીકે રાજ્ય ગ્રંથપાલ (સેન્ટ્રલ લાઈબ્રેરી વડોદરાના) જે. કે. ચૌધરી ઉપસ્થિતિ રહ્યા હતા. પ્રાસંગિક પ્રવચનોમાં સામાજિક કાર્યકર અને લેખક વિપિન પંડ્યાએ સ્વીકારની વૃતિ કેળવવા પર ભાર મુકતા પુસ્તકો જીવન બનાવાનો માર્ગ બતાવતા હોવાનું જણાવ્યું હતું. વરિષ્ટ ગ્રંથપાલ વૈશાલીબહેન ભાવસારે પુસ્તકાલયોનો સારો ઉપયોગ કરવા જણાવ્યું હતું. ગાયત્રી ઉપાસક કાન્તિભાઈ શર્મા એ સારું વાંચન સદ્‌ગુણોનું ચિંતન કરી વિવેક શીખવતું હોવાનું જણાવ્યું હતું.

આ પ્રસંગે સંસ્થાને વર્ષો સુધી અવિરત સેવા આપનાર શાંતિલાલ ભાવસારનું સન્માન શાલ ઓઢાડી કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સભાસદોને નવા શેર તથા બોનસ શેરનું વિતરણ મહેમાનોના હસ્તે કરાયું હતું.

પ્રારંભમાં કાન્તિભાઈ શર્મા (નડિયાદ) તથા ખુશી પરીખ દ્વારા પ્રાર્થના રજૂ કરવામાં આવી, સ્વાગત પ્રવચન સંસ્થાના અધ્યક્ષ શ્રી જસંવતભાઈ પટેલે કર્યું, તથા સંસ્થાનો પરિચય શ્રી અવિનાશ મણિયારે આપ્યો હતો. મુખ્ય વકતા ભાગ્યેક્ષ જહાને પુસ્તકો તથા કલગી આપી ડૉ. નિખિલ દેસાઈએ સ્વાગત કર્યું તથા જયેન્દ્રભાઈ શાહે શાલ અને સ્મૃતિ ભેટ આપ્યાં હતાં. અંતમાં આભારવિધિ સંસ્થાના ઉપાધ્યક્ષ કાનજીભાઈ ચૌધરીએ કરી હતી. ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે.

## "લાઈબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્ય ક્ષેત્રની નેશનલ કોન્ફરન્સ પી ડી યુ મેડિકલ કોલેજ, રાજકોટ ખાતે સંપન્ન"

આશીર્વચન માટે પ.પુ.શ્રી. રમેશભાઈ ઓઝા(ભાઈશ્રી) ની પ્રેરક ઉપસ્થિતિ,
કમિશ્નર અને પ્રિન્સિપલ સેક્રેટરી ડૉ. જયંતી રવિ, અંજલીબેન રૂપાણીની ઉપસ્થિતિ
''સમગ્ર રાષ્ટ્રમાંથી લાઈબ્રેરી સાયન્સના તજજ્ઞો ઉપસ્થિત''
''ઈમરજીંગ ટ્રેન્ડસ એન્ડ ટૅક્નૉલૉજીસ ઈન લાઈબ્રેરી ઍન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ'' પર રીસર્ચ પેપર રજૂ થશે.
''જ્ઞાનકોષ મા યુઝર્સ અને લાઈબ્રેરીયનનું વાસ્તવિક નિરૂપણ''

હેલ્થ સાયન્સ લાઈબ્રેરી એસોસીએશન દ્વારા રાષ્ટ્રીય (નેશનલ) કક્ષાની કોન્ફરન્સ ''ઈમરજીંગ ટ્રેન્ડસ ઍન્ડ ટેક્નૉલૉજીસ ઈન લાઈબ્રેરી ઍન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ'' થીમ પર સેન્ટ્રલ લાઈબ્રેરી. પી ડી યુ મેડિકલ કૉલેજ રાજકોટ ખાતે રાષ્ટ્રીય કક્ષાની બીજી નેશનલ કોન્ફરન્સ તા. ૯જુન ને રવિવાર ના રોજ યોજાયેલ

ઉક્ત કોન્ફરન્સ નેશનલ કોન્ફરન્સ માં સમગ્ર દેશમાંથી આશરે ૩૫૦ જેટલા લાઈબ્રેરી સાયન્સના તજજ્ઞો ઉપસ્થિત રહેલ ઉક્ત કોન્ફરન્સ મા કરંટ ટૅક્નૉલૉજી ઈન લાઈબ્રેરીસ, ડીજીટલ રાઈટ મેનેજમેન્ટ, વર્ચ્યુઅલ રાઈટ મેનેજમેન્ટ. સોસીઅલ નેટ વર્ક ટૅક્નૉલૉજી, વર્ચ્યુઅલ રેફરન્સ સર્વિસ, કલાઉડ કોમ્પ્યુટીંગ સર્વિસ, પ્લેગેરીઝમ ઍન્ડ રીસર્ચ ઈથીક્સ, ઈન્ફોર્મેશન ઍન્ડ નેટવર્ક સિક્યુરીટી, આઈપિઆર ઍન્ડ કોપીરાઈટ ઈસ્યુ, જેવા વિષયો પર ૩ ટૅક્નીકલ સેસનમા આશરે ૬૩ પેપર્સ તજજ્ઞો દ્વારા રજુ થયેલ

ઉક્ત કોન્ફરન્સ માં જુદા-જુદા રાજ્યોની એઈમ્સ, યુનિવર્સિટી, મેડિકલ કૉલેજ, કૅન્સર ઈન્સ્ટીટયુટ, કીડની ઈન્સ્ટીટયુટ, પેરામેડિકલ કૉલેજના લાઈબ્રેરીયન ઉપસ્થિત રહી હાલની અત્યંત જરૂરી વિસ્ફોટક માહિતીનું વાસ્તવિક નિરૂપણ કરેલ યુઝર્સને ઉપયોગી થાય તેવા જ્ઞાનકોષ નું આદાન-પ્રદાન કરનાર કરેલ કોન્ફરન્સને મૂર્તિ મંત બનાવવા માટે પી ડી યુ મેડિકલ કૉલેજ રાજકોટ ના લાઈબ્રેરિયન અને ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી ડો. રાજેશ એચ.ત્રિવેદી, કોન્ફરન્સ ડાયરેકટર ડૉ સંજીવ શર્મા તથા સમગ્ર ટીમે જહેમત ઉઠાવેલ

ઉક્ત કોન્ફરન્સ માં જાણીતા સંત પુ. રમેશભાઈ ઓઝા(ભાઈજી), ગુજરાત આરોગ્ય વિભાગના પ્રિન્સીપાલ સેક્રેટરી અને કમિશ્નર ડૉ.જયંતી એસ રવી. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ના કુલપતિ ડૉ. નીતિનભાઈ પેથાણી, ગુજરાત ના જાણીતા મહિલા અગ્રણી શ્રી અંજલીબેન વિજયભાઈ રૂપાણી,વાઈસ કુલપતિ ડૉ. વિજયભાઈ દેસાણી નેશનલ મેડિકલ લાઈબ્રેરી ન્યુ દિલ્હી ના ડાયરેકટર ડૉ,કે. પી.સિંઘ મેડિકલ કૉલેજ ના ડીન ડૉ. ગૌરવીબેન ધ્રુવ ઉપસ્થિત રહેલ

જ્યારે આ સમયે જાણીતા સંત શિરોમણી પુ.રમેશભાઈ ઓઝા (ભાઈજી) એ જણાવેલ કે લાઈબ્રેરીયન એ એક લાઈબ્રેરીનો પુજારી કહેવાય અને તે સમગ્ર સમાજ માટે વંદનીય હોય છે. અને દરેક ઘર માં સંસ્કારિત પુસ્તકો હોવા જરૂરી છે. જેવા અનેક પ્રેરણાત્મક વકતવ્ય આપેલ જ્યારે આવી બેનમુન નેશનલ કોન્ફરન્સ ગુજરાતમાં યોજવા બદલ આરોગ્ય કમિશનર ડૉ. જયંતી એસ રવિએ ઓર્ગેનાઝીંગ સેક્રેટરી અને પી ડી યુ મેડિકલ કૉલેજ રાજકોટ ના લાઈબ્રેરીયન ડૉ. રાજેશ એચ ત્રિવેદી ને ખુબ ખુબ અભિનંદન આપેલ અને કહેલ આ કોન્ફરન્સ થી સમગ્ર રાષ્ટ્ર માં ગુજરાત નું નામ રોશન થયેલ છે.

જ્યારે ઉક્ત કોન્ફરન્સ ના સમાપન સમારોહ માં એઈમ્સ ના લાઈબ્રેરીયન દ્વારા ૪.૩૦ વાગ્યે કોન્ફરન્સ રીપોટીંગ કરવામાં આવેલ જેમાં અધ્યક્ષ સ્થાને મેયર શ્રી બીનાબેન આચાર્ય. મુખ્ય અતિથી તરીકે નેશનલ લો કમીશન ન્યુ દિલ્હી ના સદસ્ય શ્રી અભયભાઈ ભારદ્વાજ સિવીલ સર્જન ડૉ. મનીષભાઈ મહેતા, ડીન ડૉ. ગૌરવીબેન ધ્રુવ ઉપસ્થિત રહેશે જ્યારે આભાર વિધિ ઓર્ગેનાઝીંગ સેક્રેટરી અને પી.ડી.યુ. મેડિકલ કૉલેજ - રાજકોટ ના લાઈબ્રેરીયન ડૉ. રાજેશ એચ. ત્રિવેદી દ્વારા કરવામાં આવેલ